# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Guj. Election

ગુજરાત રાજ્યની લોકસભાની 26 બેઠકો અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણી માટે ત્રીજા તબક્કામાં સાતમી મેના રોજ મતદાન યોજાવાનું છે. તે માટે આવતીકાલે બપોરે 3 વાગ્યા સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. ઉમેદવારીપત્રકો ચકાસવાની અંતિમ તારીખ 20મી એપ્રિલ છે, જ્યારે પરત ખેંચવાની છેલ્લી તારીખ 22 એપ્રિલ છે.

દરમિયાન, ગાંધીનગરના ભાજપના લોકસભાના ઉમેદવાર અને ગૃહમંત્રી અમિત શાહે આજે સાણંદ અને કલોલમાં રોડ- શો યોજ્યો હતો. સાણંદમાં યોજાયેલા રોડ-શો બાદ સ્વચ્છતા અભિયાન યોજાયું હતું.. તેઓ વેજલપુરમાં રોડ-શો યોજશે અને બાદમાં જાહેર સભાને સંબોધશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમિત શાહ આવતીકાલે ગાંધીનગર લોકસભા બેઠક પરથી તેમનું ઉમેદવારીપત્ર ભરશે.

ભાજપના નેતા અને માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર પણ આજે જામનગરમાં રોડ-શો યોજીને રેલીમાં સંબોધન કરશે.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે નવસારીમાં રોડ શો યોજ્યો છે. તેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગુજરાત પ્રદેશના સંગઠન મહામંત્રી રત્નાકર, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો જોડાયા હતા. નવસારીના તેમના મધ્યસ્થ કાર્યાલય ખાતેથી રોડ-શોનું પ્રસ્થાન થયું હતું. સી.આર. પાટિલ આવતીકાલે નવસારી લોકસભા બેઠક ઉપરથી તેમનું ઉમેદવારીપત્ર ભરશે.

દરમિયાન, અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરત સુતરિયાએ પણ આજે ઉમેદવારીપત્ર ભર્યું છે.

પાટણ લોકસભા કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરે ઉમેદવારીપત્ર ભર્યું છે.

અમદાવાદ પૂર્વ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલે આજે ફોર્મ ભર્યું છે. ફોર્મ ભરતા પહેલા તેમણે અંબાજી મંદિરના દર્શન કર્યા હતા. બાદમાં તેઓ તેમના નિવાસસ્થાનેથી રેલી સ્વરૂપે લાલદરવાજા, જિલ્લા પંચાયત ખાતે પહોંચ્યા હતા.

ખેડા લોકસભા બેઠક ઉપરથી કોંગ્રેસના ઉમેદવાર કાળુસિંહ ડાભીએ આજે તેમનું ઉમેદવારીપત્ર ભર્યું હતું.. આ સમયે તેમની સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમૂખ અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, જીગ્નેશ મેવાણી સહિતના કોંગ્રેસના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# Fourth phase of L.S. Elections

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પાડતા ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઈ. આ તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 96 બેઠકો માટે 13મી મેના રોજ મતદાન થશે. ઉમેદવારો 25મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર ભરી શકશે, જયારે 29 એપ્રિલ સુધી તેમની ઉમેદવારી પરત ખેંચી શકશે.

દરમિયાન, લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આવતીકાલ સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે. આ તબક્કામાં 7મી મેના રોજ 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 બેઠકો માટે મતદાન થશે.

દરમિયાન, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરી છે..

**A’VAD- P. BHARTI**

મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ અમદાવાદના ભદ્રના કિલ્લા ખાતેથી વિશ્વ ધરોહર દિવસ નિમિત્તે ઇલેકટ્રોરલ જર્ની ઓફ ગુજરાત નામના ફોટોગ્રાફી પ્રદર્શનનું ઉદઘાટન કર્યું હતું.

રાજ્યની મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી અને અમદાવાદ મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આજે વિશ્વ ધરોહર દિવસ નિમિત્તે મતદારોમાં મતાધિકાર અંગે જાગૃતિ વધે તે માટે ફોટો પ્રદર્શનનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ લોકોને મતદાન કરવાની અપીલ કરી હતી..

## (બાઇટ- પી. ભારતી)

અમારા અમદાવાદના પ્રતિનિધી કરણ પરમાર જણાવે છે કે, આ પ્રદર્શનને નિહાળવા માટે અમદાવાદના નગરજનો અને શાળાના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.. આ પ્રસંગે મતદાન જાગૃતિ અંગે રંગોળી પણ પૂરવામાં આવી હતી.

# CHUTNI NIRIKSHAK

ચૂંટણી પંચ દ્વારા અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક માટે ચૂંટણી નિરીક્ષક તરીકે અભિનવ ચંદ્રાની નિમણૂંક કરી છે. ઉલ્લેખનીય છે કે, જાહેર જનતા તથા ઉમેદવારોને અમદાવાદ પૂર્વ સંસદીય મતવિભાગને લગતી ચૂંટણી પ્રક્રિયા અંગે કોઈ પણ સમસ્યા હોય તો તેઓ ચૂંટણી નિરીક્ષકને રૂમ નં-૨૦૧, સર્કિટ હાઉસ, એનેક્ષી, શાહીબાગ, અમદાવાદ ખાતે સાંજના ૪થી  ૬ વાગ્યા દરમિયાન મળી શકશે.

# MATDAR JAGRUTI

લોકસભાની ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટેના તંત્ર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરાયા છે..

આ અંગે વિવિધ જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહેસાણાના કડીમાં સ્વિપ પ્રવૃત્તિ અંતર્ગત ઇન્ડસ્ટ્રીઝના કામદારો  માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતોજ્યારે ખેરાલુ તાલુકાના નોરતોલ ગામ ખાતે બુથ લેવલ ઓફિસર દ્વારા ડોર ટૂ ડોર મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો..

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં મતદારોમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી દીવના નાગવા રાધે કૃષ્ણ મંદિર પાસે નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું..

આ ઉપરાંત અરવલ્લી જિલ્લામાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણી વિભાગ દ્વારા ફિલ્મી ડાયલોગ્સની થીમ પર સ્લોગન તૈયાર કરાઇ રહ્યાં છે.....પચાસ ટકા કરતા ઓછુ મતદાન થયું હોય તેવા મતદાન મથક વિસ્તારમાં કાર્યશાળા યોજાઇ રહી છે.

# WEATHER

સમગ્ર રાજ્યમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળ્યું છે.. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અમરેલી 44 ડિગ્રી તાપમાન સાથે સૌથી ગરમ જીલ્લો રહ્યો છે.. જ્યારે રાજકોટમાં 43.8, સુરેન્દ્રનગરમાં 43.4 અને અમદાવાદનું તાપમાન 42.2 ડીગ્રી નોંધાયું છે..

હવામાન વિભાગે આ જિલ્લાઓમાં બપોરના સમયમાં બહાર ન નીકળવા માટે સલાહ આપી છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો, તેમજ લાંબી માંદગી ધરાવતા લોકોને તડકાથી બચવાની સલાહ આપી છે.